# પ્રશ્નબેંક

વિષય – ગુજરાતી

# પ્રથમ સત્ર

## પ્રકરણ : 1 થી 4

વર્ષ : 2025-26

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર

ધોરણ : 8

# અધ્યયન નિષ્પતિઓની યાદી (પ્રકરણ- 1 થી 4)
## ગુજરાતી ધોરણ 8

| ક્રમ | અધ્યયન નિષ્પતિ ક્રમાંક | અધ્યયન નિષ્પતિ વિધાન |
|---|---|---|
| 1 | G8132 | પોતાના કે અન્યના સામાજિક અનુભવ જણાવે છે, સાંભળે છે; તેને લગતી લાગણી વ્યક્ત કરે છે અને તે માટેનાં કારણો આપે છે. |
| 2 | G8219 | સામગ્રી વિષયક વિવેચનાત્મક ચિંતન કરી પોતાના તારણો રજૂ કરે છે. |
| 3 | G8311 | અપરિચિત શબ્દો (વિશેષત: બોધાત્મક અને ભાવનાત્મક)ના અર્થની ધારણા કરે છે.શોધખોળ કરે છે અને તારવે છે. |
| 4 | G8152 | શબ્દ,શબ્દસમૂહ,કહેવત અને રૂઢિપ્રયોગનો ઉપયોગ કરી અર્થપૂર્ણ વાક્ય,સંવાદ,પરિચ્છેદ,વાર્તા અને કાર્યની રચના કરે છે. |
| 5 | G8211 | પદ્ય અને ગદ્ય સામગ્રીમાંથી વિગતો તારવી શકે છે. |
| 6 | G8151 | સૌન્દર્યલક્ષી દૃશ્યાત્મક સામગ્રીનું વર્ણન કરે છે. |
| 7 | G8318 | શબ્દસમૂહ માટે એક શબ્દનો ઉપયોગ કરે છે. |
| 8 | G8124 | ચોક્કસ વ્યક્તિ, કાર્યરીતિ, ભાવ, સ્થિતિ, સ્થળને અનુરૂપ પરીપૃચ્છા કરવા માટે જરૂરી માહિતીની શોધખોળ કરે છે. |
| 9 | G8534 | ભાષા સંરચનાની ક્ષતિઓ શોધી, સુધારી સામગ્રીનું પુનઃલેખન કરે છે. |
| 10 | G83111 | શીખી ગયેલા ભાષાના ઘટકોનો લેખનમાં  ઉપયોગ કરી બતાવે છે. |
| 11 | G8521 | આપેલી સામગ્રીમાંથી વાક્ય રચના અને શબ્દોમાં થતી ચમત્કૃતિનો લેખનમાં ઉપયોગ કરે છે . |
| 12 | G8218 | સામગ્રીનું વિશ્લેષણ કરે છે. |
| 13 | G8216 | સાહિત્યસ્વરૂપોની રચનારીતિની સરખામણી કરે છે. |
| 14 | G8217 | જુદી જુદી લેખનશૈલીઓ વાંચીને ઓળખી બતાવે છે. |
| 15 | G8235 | સામાજિક અને સાંસ્કૃતિક ઘટનાઓના -પ્રસંગોના પાસઓ વિશે કારણો સહિત સંમતિ-અસંમતિ અને સૂચનો રજૂ કરે છે. |
| 16 | G8214 | વિગતોને હેતુ અનુસાર પ્રયોજે છે |
| 17 | G8127 | ભાવાત્મક અભિવ્યક્તિ કરવા માટે સમુચિત શબ્દો અને વાક્યરચના પ્રયોજે છે |
| 18 | G8118 | તારવેલી વિગતોને આધારે ટૂંકા પરીચ્છેદમાં લેખિત સ્વરૂપે રજૂ કરે છે. |
| 19 | G8126 | ઇચ્છિત માહિતી/જાણકારી મેળવવા / સમજ કેળવવા માટે પેટા પ્રશ્નો પૂછે છે. મળેલા જવાબની વિગતો વિશે વધારે જાણકારી મેળવવા પ્રતિપ્રશ્નો પૂછે છે. |
| 20 | G81210 | એકત્ર કરેલી વિગતો અને આયોજનના મુદ્દાઓને આધારે ઈન્ટવ્યુ લે છે. |
| 21 | G8234 | પાઠ્યસામગ્રી ના નમુનાઓ અને પોતાના અનુભવોની સરખામણી રજૂ કરે છે. |
| 22 | G8231 | સામાજિક અને સાંસ્કૃતિક ઘટનાના ઉદાહરણ  આપે છે. |
| 23 | G8143 | લેખન કરવાના પ્રસંગોમાં પોતાની ભાષાકીય સજ્જતાનો ઉપયોગ કરે છે. |
| 24 | G8413 | પાત્રો, ઘટનાઓ અને વિચારો વિશે પોતાના ગમા-અણગમા અભિપ્રાયો રજૂ કરે છે. |
| 25 | G8152 | કહેવત અને રૂઢિપ્રયોગોનો ઉપયોગ કરી અર્થપૂર્ણ વાક્ય સંવાદ પરિચિત વાર્તા અને કાવ્યની રચના કરે છે. |

**C 3.1** - વિવિધ સાહિત્યસ્વરૂપોના વાંચન દરમિયાન ભાષાકીય બંધારણીય ઘટકો (વાક્યરચના, વિરામચિહ્નો, કાળ, લિંગ) અને ભાષારચનાના ઘટકો - **parts of speech** (નામ, સર્વનામ, ક્રિયાપદ, વિશેષણ, ક્રિયાવિશેષણ, વિસ્મયબોધક, નામયોગી અવ્યય, સંયોજકો) ના અર્થની સમજ કેળવે છે અને તેનો લખવામાં ઉપયોગ કરે છે.

**G8311 અપિરિચિત શબ્દોની (વિશેષતઃ , બોધાત્મક, ભાવાત્મક)ના અર્થની ધારણા કરે છે, શોધખોળ કરે છે અને તારવે છે.**

## હેતુલક્ષી પ્રશ્નો

**પ્રશ્ન.** ત્રણેય વિભાગમાંથી નજીકના અર્થ ધરાવતા શબ્દ શોધી ઉદાહરણ મુજબ લખો. (5)

| અ | બ | ક |
|---|---|---|
| અતિથિ | ઘર | માલિક |
| સ્વામી | કાચું | પરોણો |
| આવાસ | બધાનું | પૂર્ણ |
| અખંડ | મહેમાન | રહેઠાણ |
| કચાશ | આખું | સામૂહિક |
| સહિયારું | પતિ | અધકચરું |

ઉદાહરણ : અતિથિ – મહેમાન – પરોણો

C 1.3- સામાજિક અનુભવો વિશે સમુચિત ભાષાનો ઉપયોગ કરી મુક્ત જવાબી, નિશ્ચિત જવાબી, ઔપચારિક, અનૌપચારિક સંદર્ભ અનુસાર સંવેદનશીલ રીતે તપાસમાં ઊતરે છે.

G8132 પોતાના કે અન્યના સામાજિક અનુભવ જણાવે છે, સાંભળે છે; તેને લગતી લાગણી વ્યક્ત કરે છે અને તે માટેનાં કારણો આપે છે.

## નિબંધ પ્રકાર પ્રશ્નો

**પ્રશ્ન.** નીચેનામાંથી કોઈ એક મુદ્દા બાબતે તમારો અનુભવ, તે સમયે તમે અનુભવેલી લાગણી અને તે માટેનાં કારણો દસથી બાર વાક્યોમાં લખો. (પ્રશ્નદીઠ 5 ગુણ)

1. જ્યારે મેં પહેલીવાર સાયકલ ચલાવી
2. જ્યારે મેં પહેલીવાર પ્રાર્થના સંમેલનમાં સમાચાર વાંચ્યા / ગીત ગાયુ.
3. જ્યારે મેં પહેલીવાર શાક બનાવ્યું.
4. જ્યારે હું પહેલીવાર ઘરે એકલો/એકલી રહ્યો / રહી.

**C 2.1 વિવિધ સંસ્કૃતિઓ અને જુદા જુદા કાલખંડમાં રચાયેલ સાહિત્યના વિવિધ સ્વરૂપો અને લેખનશૈલીઓ ઓળખાવે અને કદર કરે છે.**

**G8214 વિગતોને હેતુ અનુસાર પ્રયોજે છે.**

## હેતુલક્ષી પ્રશ્નો

**પ્રશ્ન.** નીચે આપેલા વિકલ્પોમાંથી બંધબેસતો અર્થ શોધીને લખો. (પ્રશ્નદીઠ ૧ ગુણ)

1. તું આમંત્રિત અતિથિ એનો....
   - A. તું ઈશ્વરને આમંત્રણ આપ.
   - B. મનુષ્ય ઈશ્વરનો આમંત્રિત મહેમાન છે.
   - C. ઈશ્વર તારો મહેમાન છે.
2. એના જનને તારા ગણીને....
   - A. તમામ લોકોને તારા ગણ.
   - B. આકાશના તારા ગણીને.
   - C. લોકોને તું આકાશના તારા માનજે.
3. વેરતો પ્રતીપળ હેતનું હાસ....
   - A. હાશ! પ્રેમનું હાસ્ય વેરાયું.
   - B. દુશ્મની પ્રત્યેક પળે પ્રેમનું હાસ્ય છે.
   - C. પ્રત્યેક પળે પ્રેમનું હાસ્ય વેરે છે.
4. તું નવરો નવ રે`જે વહેજે...
   - A. તું નવ વખત નવરો રહેજે.
   - B. તું નવરો ના રહેતો, પ્રવૃત્તિશીલ રહેજે.
   - C. તું રડતો નહીં, વહેતો રહેજે.

**C 2.1 વિવિધ સંસ્કૃતિઓ અને જુદા જુદા કાલખંડમાં રચાયેલ સાહિત્યના વિવિધ સ્વરૂપો અને લેખનશૈલીઓ ઓળખાવે અને કદર કરે છે.**

**G8219 સામગ્રી વિષયક વિવેચનાત્મક ચિંતન કરી પોતાના તારણો રજૂ કરે છે.**

**અતિ ટૂંકજવાબી**

**પ્રશ્ન.** યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. (6)

(1)

(પ્રસિદ્ધ, ભલા, આલમ, સુવાસ, મશહૂર, કિનારા)

નદીના ................. પર ગોવિંદનું ખેતર હતું. ગોવિંદના પિતા રઘુનાથ મહારાજ રાજપુરમાં ................. પુરુષ લેખાતા. વેપારી.....................ના સરદાર તરીકે એનું નામ આસપાસના બે-ચાર ગામમાં .......................... હતું. ભોળા અને ..................... ખેડૂતોની ધીરધાર આ કામદારને ત્યાં થતી અને રાજપુરના નાનામાં નાના માણસથી માંડીને ત્યાંના ભાયાતી દરબાર જેવા મૂળુભા સુધી રઘનાથ મહારાજની ......................... ને ઓળખતા. (- ધૂમકેતુ)

(2)

(વરસાદ, ઘેરાં,આકાશ,કાલિદાસે એકધારો, છેલ્લો)

અષાઢ મહિનાના પહેલા દિવસને તો કવિકુલશિરોમણિ ....................... અમર બનાવી દીધો છે, પણ આજે તો અષાઢનો પહેલો નહીં પણ.......................દિવસ છે. શનિવારનો શરૂ થયેલો ..................... આજે મંગળવાર સુધી થંભ્યા વગરનો ................ પડયે જ જાય છે ! મારા મનનો પડછાયો પાડતું હોય તેમ આખું આભ........ કાળાં વાદળોથી છવાયેલું છે અને આખું .................. જાણે ધરતી પર ઝૂકી પડ્યું છે.

(વિનોદિની નીલકંઠ)

(3)

(યુવાન, વસતાં, અલાર્મ ,ઘડિયાળ, ભજન)

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ....... જૂજવે રૂપે અનંત ભાસે... દેહમાં દેવ તું, તેજમાં તત્ત્વ તું... શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે..." 'શ્રીજી વિલા'ની સવાર રોજ આમ જ પડતી. સવારે સાડા છ વાગ્યે તમે .............. મેળવી શકો એટલી નિયમિતતાથી વસુમાના અવાજમાં ................ ગુંજવા લાગતું. નરસિંહ મહેતાનાં પ્રભાતિયાં હોય કે કબીરના દોહા, 'શ્રીજી વિલા'ની સવાર વસુમાના અવાજના ....................થી પડતી. આ અવાજને આસપાસનાં ઘરોમાં વસતા ગુજરાતીઓ 'વસુમા' કહીને સંબોધતા. છેલ્લા અઢી દાયકાથી વસુમા અહીં જ, 'શ્રીજી વિલા'માં ................ હતાં. આસપાસનો વિસ્તાર પચીસ વર્ષમાં બાળકમાંથી ............... થઈ ગયો હતો.

C 3.1 - વિવિધ સાહિત્યસ્વરૂપોના વાંચન દરમિયાન ભાષાકીય બંધારણીય ઘટકો (વાક્યરચના, વિરામચિહ્નો, કાળ, લિંગ) અને ભાષારચનાના ઘટકો - **parts of speech** (નામ, સર્વનામ, ક્રિયાપદ, વિશેષણ, ક્રિયાવિશેષણ, વિસ્મયબોધક, નામયોગી અવ્યય, સંયોજકો) ના અર્થની સમજ કેળવે છે અને તેનો લખવામાં ઉપયોગ કરે છે.

**G8311 અપરિચિત શબ્દો (વિશેષત: બોધાત્મક અને ભાવનાત્મક)ના અર્થની ધારણા કરે છે.શોધખોળ કરે છે અને તારવે છે.**

## હેતુલક્ષી પ્રશ્નો

**પ્રશ્ન. નીચે આપેલા વિકલ્પોમાંથી ખોટો વિકલ્પ છેકી વાક્ય સાચું બનાવીને લખો.** (5)

1. મેં ક્યારનાય તેમને ત્યાં મોકલી લીધા છે / દીધા છે.
2. પ્રારંભથી જ પ્રકૃતિ અને ધર્મ ચિત્રકલાના કેન્દ્ર તરીકે રહ્યા છે / થયા છે.
3. જુવાર,બાજરી,મકાઈ અને જવ એ ભારતમાં ઉગાડવામાં લેવાતાં / આવતાં મુખ્ય ધાન્ય છે.
4. જે પાકને વરસાદની ઋતુમાં રોપવામાં આવે તેને ખરીફ પાક ઓળખે છે / કહે છે.
5. પૂજા પૂર્ણ થતા માતાએ સૌને પ્રસાદી વેચી / વહેંચી.

C1.5 જુદા- જુદા પ્રાપ્તકર્તા અને હેતુઓને લક્ષ્યમાં રાખી શ્રાવ્ય, દૃશ્ય અને બંને પ્રકારની સામગ્રી રચે છે.

G8152 શબ્દ, શબ્દસમૂહ, કહેવત અને રૂઢિપ્રયોગનો ઉપયોગ કરી અર્થપૂર્ણ વાક્ય, સંવાદ, પરિચ્છેદ, વાર્તા અને કાર્યની રચના કરે છે.

## હેતુલક્ષી પ્રશ્નો

**પ્રશ્ન. ઉદાહરણ વાંચો સમજો અને બંધબેસતા શબ્દોની જોડ બનાવો.** (6)

(ઈશ, કિલ્લો , ઘર, જન, પરમેશ્વર, સુધા, સહિયારુ, માણસઆખું, ભેગુ, ગઢ, અખંડ, આવાસ, અમૃત)

ઉદાહરણ :- આવાસ: ઘર

C 2.1 વિવિધ સંસ્કૃતિઓ અને જુદા જુદા કાલખંડમાં રચાયેલ સાહિત્યના વિવિધ સ્વરૂપો અને લેખનશૈલીઓ ઓળખાવે અને કદર કરે છે.

G8219 સામગ્રી વિષયક વિવેચનાત્મક ચિંતન કરી પોતાના તારણો રજૂ કરે છે.

## હેતુલક્ષી પ્રશ્નો

**પ્રશ્ન. સાચો વિકલ્પ પસંદ કરીને જવાબ આપો.** (4)

1. એમની સાડી અસલ જામનગરી બાંધણીની છાપ ઉપસાવી ..................
   A. રહ્યો છે  B. રહ્યું છે
   C. રહી છે  D. રહ્યું હતું.
2. હાલ તો તેની ઉપર નિંદ્રારાણીનો પ્રભાવ <u>વર્તાઇ રહ્યો છે</u> ....રેખાંકિત શબ્દનો અર્થ કયો હશે ?
   A. જોવા મળશે  B. ઊંઘી જશે
   C. દેખાઈ રહ્યો છે  D. ગમી રહ્યો છે.
3. આપણાં માવતરે આવા મગતરાં સાથે ફોડી લેવાનું ભણાવ્યું છે. – લાગુ પડતાં વાક્યો સામે √ કરો.
   A. આપણાં મા-બાપે આપણ ને મચ્છરોને મારી નાખવાનું શીખવ્યું છે.
   B. આપણાં માં-બાપે આપણને ચૂપ રહેવાનું ભણાવ્યું છે.
   C. આપણાં માતા- પિતાએ આપણાથી ઓછી તાકાતની સામે લડતા શીખવાડ્યું છે.
   D. આપણાં મા-બાપ આપણને ડરવાનું નહીં પણ લડવાનું શીખવાડયું છે.
4. છતાંય રાણાએ ફરીવાર દરખાસ્ત મૂકી કે આપણે વાવ નગરને ફરતે ગઢ બનાવી લઈએ તો કેવું ? – આમાં રાણા એ શું કર્યું કહેવાય ?
   A. વિનંતી  B. આદેશ
   C. સહમતી  D. આજ્ઞા

C 2.1 વિવિધ સંસ્કૃતિઓ અને જુદા જુદા કાલખંડમાં રચાયેલ સાહિત્યના વિવિધ સ્વરૂપો અને લેખનશૈલીઓ ઓળખાવે અને કદર કરે છે.

G8219 સામગ્રી વિષયક વિવેચનાત્મક ચિંતન કરી પોતાના તારણો રજૂ કરે છે.

## હેતુલક્ષી પ્રશ્નો

**પ્રશ્ન.** માગ્યા મુજબ જવાબ લખો.

1. સાચી શબ્દ જોડ લખો. (2)

A. ચકલી - ગુફા  B. ઘોડો - તબેલો
C. કીડી - ઘર  D. કૂતરો - ઝુંપડી

2. બંધ બેસતા શબ્દની સાચી જોડ લખો. (2)

A. દાસ - રાજા  B. ઉતાવડો - ગંભીર
C. અતિથિ - મહેમાન  D. ધૂસરી - ભાર

3. બળદને જોતરતી વખતે ખભે મૂકવાનું સાધન. (1)

A. ભાર  B. ધાર
C. ધજા  D. ધૂંસરી

4. ઈશ તણો આવાસ એટલે ....... (1)

A. ઘર  B. પૃથ્વી
C. સૂર્ય  D. સ્વર્ગ

5. એ <u>શિખાઉ</u> ને વળી સમજણ કેવી ! રેખાંકિત શબ્દનો સાચો અર્થ કયો હોઈ શકે ? (1)

A. શીખેલો  B. શીખવું
C. જાણવું  D. બિન - અનુભવી

6. એના .......... આગળ સૌ લાચાર. (હૃદય પૂર્વકનો આગ્રહ) માટેનો શબ્દ લખો. (1)

A. પૂર્વગ્રહ  B. અનુગ્રહ
C. હઠાગ્રહ  D. મહાગ્રહ

7. ઉદાહરણ મુજબ બનાવો. (1)

જમીન પર સૂવું : ભૂમિશયન
શેષ નાગ પર સૂવું : ...................

A. ભૂશયન  B. શેષશયન
C. પર્ણ શયન  D. શયન શયન

C 2.1 વિવિધ સંસ્કૃતિઓ અને જુદા જુદા કાલખંડમાં રચાયેલ સાહિત્યના વિવિધ સ્વરૂપો અને લેખનશૈલીઓ ઓળખાવે અને કદર કરે છે.

G8211 પદ્ય અને ગદ્ય સામગ્રીમાંથી વિગતો તારવી શકે છે.

## હેતુલક્ષી પ્રશ્નો

**પ્રશ્ન. આપેલ કાવ્યપંક્તિઓ વાંચી માગ્યા મુજબ જવાબ આપો.** (3)

**મંદિર તારું વિશ્વ રૂપાળું, સુંદર સરજન હારા રે;**
**પળ પળ તારાં દર્શન થાયે, દેખે દેખણ હારા રે**
**નહિ પુજારી નહિ. કોઈ દેવા, નહિ મંદિરને તાળાં રે**
**નીલ ગગનમાં મહિમા ગાતા, ચાંદો સૂરજ તારા રે .. મંદિર તારું**

1. 'મંદિર તારું વિશ્વ રૂપાળું..'

A. મંદિરનું બાંધકામ પૃથ્વીના ગોળા જેવુ છે

B. આ મંદિર ખુબ જ સુંદર છે.

C. આખી દુનિયા એક મંદિર જ છે.

2. 'પળ પળ તારાં દર્શન થાયે, દેખે દેખણ હારા રે'

A. દરેક સેકંડે ઈશ્વર દર્શન આપવા આવે છે.

B. જેને જોતાં આવડે તેને તો બધે ઈશ્વર દેખાય.

C.! જે દેખણ હારી ગયું હોય તેને જ દર્શનનો પાસ મળે.

3. નહિ પુજારી નહિ કોઈ દેવા, નહિ મંદિરને તાળા રે

A. આ મંદિર એવું છે કે જેમાં પૂજારી, ઈશ્વર કે તાળું નથી.

B. આ મંદિર એવું છે કે જેમાં પૂજારીને દેવું છે.

C. આ મંદિર એવું છે કે જેમાં પૂજારી તાળું દેવા આવે છે.

## અતિ ટૂંકજવાબી પ્રશ્નો

**પ્રશ્ન. કાવ્યમાં સરખા પ્રાસવાળી શબ્દ જોડ શોધો અને તેવી વધુ એક શબ્દ જોડ લખો.** (1)

મંદિર તારું વિશ્વ રૂપાળું, સુંદર સરજન હારા રે;
પળ પળ તારાં દર્શન થાયે, દેખે દેખણ હારા રે
નહિ પુજારી નહિ. કોઈ દેવા, નહિ મંદિરને તાળાં રે
નીલ ગગનમાં મહિમા ગાતા, ચાંદો સૂરજ તારા રે .. મંદિર તારું

## ટૂંકજવાબી પ્રશ્નો

**પ્રશ્ન. આપેલ કાવ્યપંક્તિઓ વાંચી માગ્યા મુજબ જવાબ આપો.**

ઓ ઈશ્વર ભજીએ તને, મોટું છે તુજ નામ;
ગુણ તારાં નિત ગાઈએ, થાય અમારાં કામ;
હેત લાવી હસાવ તું, સદા રાખ દિલ સાફ;
ભૂલ કદી કરીએ અમે, તો પ્રભુ કરજે માફ.

**પ્રશ્નો :**

1. કવિ પ્રાર્થના કરવા માટે ક્યાં ક્યાં કારણ આપે છે? (1)
2. કવિ ઈશ્વર પાસે શું શું માંગે છે? (1)
3. પ્રાસવાળી શબ્દ જોડ લખો અને તેમાંથી કોઈ એકનો ઉપયોગ કરી કાવ્ય પંક્તિ બનાવો. (2)

**પ્રશ્ન. આપેલ કાવ્યપંક્તિઓ વાંચી માગ્યા મુજબ જવાબ આપો.**

તું ધરતીમાં, તું છે નભમાં, સાગર મહીં વસે છે તું,
ચાંદા સૂરજમાંયે તું છે, ફૂલો મહી હસે છે તું.
દેવ, બનાવી દુનિયા છે તેં, તારો છે સૌને આધાર,
તું છે સૌનો, સૌ તારાં છે, નમીએ તુજને વારંવાર.

**પ્રશ્નો :**

1. કવિએ કોને સંબોધીને કાવ્ય લખ્યું છે? તે તમને કઈ રીતે ખબર પડી? (2)
2. કવિને ઈશ્વર ક્યાં ક્યાં દેખાય છે? (1)
3. કવિ ઈશ્વરને શા માટે વારંવાર નમન કરે છે? (2)
4. ‘આધાર - વારંવાર ‘ શબ્દ જોડનો ઉપયોગ કરી નવી કાવ્ય પંક્તિ બનાવો. (2)

C1.5 જુદા- જુદા પ્રાપ્તકર્તા અને હેતુઓને લક્ષ્યમાં રાખી શ્રાવ્ય, દૃશ્ય અને બંને પ્રકારની સામગ્રી રચે છે.

G8151 સૌન્દર્ય લક્ષી દ્રશ્યાત્મક સામગ્રીનું વર્ણન કરે છે.

## ટૂંકજવાબી પ્રશ્નો

**પ્રશ્ન.** ચિત્ર પરથી પ્રશ્નોના જવાબ આપો. (4)



**પ્રશ્નો :**

1. આ ચિત્ર કઈ જગ્યાનું છે ?
2. તેમાં દર્શાવેલી વ્યક્તિ શું કરી રહી છે ?
3. તે વ્યક્તિ એ માસ્ક કેમ પહેર્યો છે ?
4. આ ચિત્રનું વર્ણન ત્રણ થી પાંચ વાક્યમાં કરો.

C 3.1 - વિવિધ સાહિત્યસ્વરૂપોના વાંચન દરમિયાન ભાષાકીય બંધારણીય ઘટકો (વાક્યરચના, વિરામચિહ્નો, કાળ, લિંગ) અને ભાષારચનાના ઘટકો - parts of speech (નામ, સર્વનામ, ક્રિયાપદ, વિશેષણ, ક્રિયાવિશેષણ, વિસ્મયબોધક, નામયોગી અવ્યય, સંયોજકો) ના અર્થની સમજ કેળવે છે અને તેનો લખવામાં ઉપયોગ કરે છે.

**G8318 શબ્દસમૂહ માટે એક શબ્દનો ઉપયોગ કરે છે.**

## ટૂંકજવાબી પ્રશ્નો

**પ્રશ્ન.** વાક્યમાં શબ્દસમૂહ માટે એક શબ્દ ઓળખી તેની નીચે લીટી કરો અને તેનો ઉપયોગ કરી નવું વાક્ય બનાવો. (પ્રશ્નદીઠ બે ગુણ)

**ઉદા. એ સાધુ મહારાજ હમેશાં <u>ભૂમિશયન</u> કરે.**

**ઉનાળામાં ખાટલા પાથરવાની જરૂર ના પડે, ભૂમિશયન કરી શકાય.**

1. સુક્ષ્મદર્શક યંત્રમાં ડુંગળીનો કોષ જોવાનું રોમાંચક હતું, મારાં તો રુવાંડા ઊભાં થઈ ગયેલાં.
2. મારા વર્ગમાં બધાં જ સમવયસ્ક છે, શિક્ષકને બાદ કરતાં.
3. નેહાનો હઠાગ્રહ હતો કે બર્થડે વખતે નવો ડ્રેસ લેવો, પપ્પા પાસે રૂપિયા હોય કે ના હોય.
4. માનસીના મમ્મી ઘરગથ્થુ અથાણાં, પાપડ બનાવીને વેચે છે.

C 3.1 - વિવિધ સાહિત્યસ્વરૂપોના વાંચન દરમિયાન ભાષાકીય બંધારણીય ઘટકો (વાક્યરચના, વિરામચિહ્નો, કાળ, લિંગ) અને ભાષારચનાના ઘટકો - parts of speech (નામ, સર્વનામ, ક્રિયાપદ, વિશેષણ, ક્રિયાવિશેષણ, વિસ્મયબોધક, નામયોગી અવ્યય, સંયોજકો) ના અર્થની સમજ કેળવે છે અને તેનો લખવામાં ઉપયોગ કરે છે.

**G83111 શીખી ગયેલા ભાષાના ઘટકોનો લેખનમાં ઉપયોગ કરી બતાવે છે.**

## અતિ ટૂંકજવાબી પ્રશ્નો

**પ્રશ્ન.** અધૂરાં વાક્ય પૂરાં કરો. (દરેકનો એક ગુણ)

1. મનોજને થયું કે આજે તો વટ પાડી દઉં. એટલે તે નવાં શર્ટ પેન્ટ પહેરીને આવ્યો પણ ..
2. રેખાએ નક્કી કર્યું કે નિરાલીને ભલે માઠું લાગે, આ વખતે તો ..
3. પરીક્ષા માટે સુરેશે નવી પેન ખરીદી પણ તે પેને તો દગો દીધો. તેથી....
4. આમ તો સરિતા કોઈને ના ગાંઠે, ભલભલાને ભરી પીવે, પણ ..

**C1.2 – વિવિધ પ્રકારના ઈન્ટરવ્યૂનું શ્રવણ કરે, આયોજન કરે અને સંચાલન કરે છે.**

**LO G8124- ચોક્કસ વ્યક્તિ, કાર્યરીતિ, ભાવ, સ્થિતિ, સ્થળને અનુરૂપ પરિપૃચ્છા કરવા માટે જરૂરી માહિતીની શોધખોળ કરે છે.**

## અતિ ટૂંકજવાબી પ્રશ્નો

પ્રશ્ન. આમાંથી એક વાત તમે જુદી જુદી વ્યક્તિને કઈ રીતે કહેશો. (3)

ઉદાહરણ:

'તમારે રમવા જવું છે.' – આ વાત તમે કઈ રીતે કહેશો ?
બહેનપણી/ દોસ્તને : ઓય! મૂક ચોપડી. ચાલ રમવા.
શિક્ષકને : તમે સોંપેલું વાંચન કરી લીધું છે. હવે અમે રમવા જઈએ ?
મમ્મીને : હું રમવા જાઉ છું, હોં!

1. તમારે વર્ગના ગરબામાં ભાગ લેવો છે.
2. તમે ગૃહકાર્ય ભૂલી ગયાં છો.
3. તમે અગાઉથી રજા લીધા વગર શાળામાં રજા પાડી હતી.
4. તમને તાવ જેવુ લાગે છે અને તમારે આરામ કરવો છે.

C5.3 ભાષાની કેટલીક મુખ્ય શબ્દરમતોથી પરિચિત થાય છે.

**G8534 ભાષા સંરચનાની ક્ષતિઓ શોધી, સુધારી સામગ્રીનું પુનઃલેખન કરે છે.**

## ટૂંકજવાબી પ્રશ્નો

**પ્રશ્ન.** નીચે આપેલા વિકલ્પોમાંથી ખોટો વિકલ્પ છેકી વાક્ય સાચું બનાવીને લખો. (5)

1. મેં ક્યારનાય તેમને ત્યાં મોકલી લીધા છે / દીધા છે.
2. પ્રારંભથી જ પ્રકૃતિ અને ધર્મ ચિત્રકલાના કેન્દ્ર તરીકે રહ્યા છે / થયા છે.
3. જુવાર,બાજરી,મકાઈ અને જવ એ ભારતમાં ઉગાડવામાં લેવાતાં / આવતાં મુખ્ય ધાન્ય છે.
4. જે પાકને વરસાદની ઋતુમાં રોપવામાં આવે તેને ખરીફ પાક ઓળખે છે / કહે છે.
5. પૂજા પૂર્ણ થતા માતાએ સૌને પ્રસાદી વેચી / વહેંચી.

C 3.1 - વિવિધ સાહિત્યસ્વરૂપોના વાંચન દરમિયાન ભાષાકીય બંધારણીય ઘટકો (વાક્યરચના, વિરામચિહ્નો, કાળ, લિંગ) અને ભાષારચનાના ઘટકો - parts of speech (નામ, સર્વનામ, ક્રિયાપદ, વિશેષણ, ક્રિયાવિશેષણ, વિસ્મયબોધક, નામયોગી અવ્યય, સંયોજકો) ના અર્થની સમજ કેળવે છે અને તેનો લખવામાં ઉપયોગ કરે છે.

G83111 **શીખી ગયેલા ભાષાના ઘટકોનો લેખનમાં ઉપયોગ કરી બતાવે છે.**

## ટૂંકજવાબી પ્રશ્નો

**પ્રશ્ન.** આપેલા શબ્દોનો ઉપયોગ કરી ઉદાહરણ પ્રમાણે વાક્ય બનાવો.

**(5)**

| | | | | | |
|---|---|---|---|---|---|
| વિશાળ | - | આવાસ | અખંડ | - | દીવો |
| છાશ | - | ખાટી | આમંત્રિત | - | અતિથિ |
| હાસ્ય | - | મંદ | રોટલી | - | ગોળ |

**ઉદાહરણ**

બાળકોને નવાઈ લાગતી કે પરિકર વિના પણ માતા ગોળ રોટલી શી રીતે બનાવતી હશે!

**પ્રશ્ન** આપેલ માહિતીના આધારે પ્રશ્નોના જવાબ આપો. **(5)**

| ક્રમ | પોસ્ટનું નામ | ખાલી જગ્યાઓ | માસિક ફિક્સ વેતન | ઇન્ટરવ્યુની તારીખ |
|---|---|---|---|---|
| 1 | આચાર્ય | 1 | 35000 | 2-7-2025 |
| 2 | ભાષા શિક્ષકો | 3 | 26000 | 4-7-2025 |
| 3 | સા.વિ. શિક્ષકો | 2 | 26000 | 4-7-2025 |
| 4 | ગણિત/વિજ્ઞાન શિક્ષકો | 2 | 26000 | 4-7-2025 |
| 5 | ક્લાર્ક | 1 | 21000 | 5-7-2025 |
| 6 | પટાવાળા | 2 | 18000 | 7-7-2025 |

**પ્રશ્નો** :

1. કોષ્ટક કઈ સંસ્થામાં ભરતી માટેનું છે ?
2. કઈ પોસ્ટના ઉમેદવારોએ એક જ દિવસે હાજર રહેવાનું છે ?
3. કુલ કેટલી ખાલી જગ્યાઓ પર ભરતી થશે ?
4. સૌથી ઓછી અને સૌથી વધુ જગ્યાઓ વાળી પોસ્ટ કઈ છે ?
5. ‘ભાષા શિક્ષકો’ કયા વિષયો શીખવતા હશે ?

**પ્રશ્ન.** આપેલી પંક્તિઓ વાંચી પ્રશ્નોના જવાબ લખો. **(5)**

આપ બળે એકલ ખૂણે, ધૂપ બધે પ્રસરંત
જગમાં એવા જનમિયા, અગરબત્તી ને સંત

**પ્રશ્નો** :

1. ઉપરોક્ત પંક્તિઓમાં શાનું મહત્વ વર્ણવવામાં આવ્યું છે?
2. સંતને કોની સાથે સરખાવવામાં આવ્યા છે? શા માટે?
3. સંત પોતાની સુવાસ કેવી રીતે ફેલાવે છે?
4. ઉદાહરણ પ્રમાણે શબ્દ બનાવો.

    જન્મવું - જનમિયા

    મળવું - ...........

5. આપેલા શબ્દોમાંથી કયો શબ્દ માન્ય ભાષાનો નથી?

    (A) મીણબત્તી (B) અગરબત્તી (C) ઘરબત્તી (D) દિવાબત્તી

| | | |
|---|---|---|
| C 5.2 : | કથન અને લેખનને રસપ્રદ અને વધુ આનંદદાયી બનાવવા માટે ભાષામાં લય / તાલ, અનુપ્રાસ / વર્ણસગાઈ, શ્લેષ અને અન્ય શબ્દરમતોનો ઉપયોગ કરતાં રહે છે. |
| **G.8521** | **આપેલી સામગ્રીમાંથી વાક્ય રચના અને શબ્દોમાં થતી ચમત્કૃતિનો લેખનમાં ઉપયોગ કરે છે.** |

**ટૂંક જવાબી પ્રશ્નો**

**પ્રશ્ન.** નીચે આપેલા શબ્દોના પ્રાસયુક્ત શબ્દો લખી તેનો ઉપયોગ કરી જોડકણાની રચના કરો. **(6)**

ગાય – થાય
મારી પાસે ઊભી એક ગાય
એને અડકું ને દૂર એ થાય

લાલ – ...........

.................................................

..................................................

જગ – ...........

.................................................

..................................................

કાન – ...........

.................................................

..................................................

| | |
|---|---|
| C1.2 | વિવિધ પ્રકારના ઈન્ટરવ્યૂનું શ્રવણ કરે, આયોજન કરે અને સંચાલન કરે છે. |
| G8127 | ભાવાત્મક અભિવ્યક્તિ કરવા માટે સમુચિત શબ્દો અને વાક્યરચના પ્રયોજે છે. |

## હેતુલક્ષી પ્રશ્નો

**પ્રશ્ન. આપેલી જાહેરાતની આધારે પ્રશ્નોનાં જવાબ આપો.** (HOTS) (4)

**કામધેનુ ડેરી**

- દેશી ગીર ગાયના દૂધમાંથી બનેલી વસ્તુઓ મેળવવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ
- ગાયનું ઘી મેળવવા માટે એક પખવાડિયા પહેલા સંપર્ક કરવાનો રહેશે.
- દૂધ અને દૂધની બનાવટોમાં ભેળસેળ સાબિત કરનારને એક લાખનું ઇનામ આપવામાં આવશે.
- અમારું માનવું છે કે અમારી શાખા સિવાય દૂધની આટલી બનાવટો બીજી કોઇ શાખા બનાવી શકશે નહીં.
- અમને મળતા ગ્રાહકોના પ્રતિભાવથી અમે અમારી પધ્ધતિમાં ફેરફાર કરીએ છીએ.

| | | |
|---|---|---|
| આઇસક્રીમની વેરાઈટીઓ:- | (1) અમેરિકન નટ્સ | (4) બટરસ્કોચ |
| | (2) કાજુ દ્રાક્ષ | (5)અંજીર કાજુ |
| | (3) કેસર પિસ્તા | (6)રોઝ જેલી |
| દૂધની મીઠાઈઓ:- | (1) કેસર પેડા | (3) બરફી (સાદી) |
| | (2)થાબડી પેડા | (4) કાજુ કતરી |

**નોંધ:- વેચેલો માલ પાછો લેવામાં આવશે નહીં. "ગ્રાહકોનો સંતોષ એ જ અમારો નફો"**

(1) કામધેનુ ડેરીની પ્રોડક્ટ ખાતરીવાળી હતી એવું શા પરથી કહી શકાય?
(A) વેચેલો માલ પાછો લેવામાં આવશે નહીં
(B) ડેરીની બહાર નીકળ્યા બાદ કોઈ ફરિયાદ સાંભળવામાં આવશે નહીં.
(C) અમારી ડેરીની પેદાશમાં ખામી કાઢનારને એક લાખનું ઈનામ
(D) ભેળસેળ શોધનારને બોલવાનો મોકો આપીશું નહીં.

(2) આ ડેરીના ઉત્પાદનની ખાસિયત કઈ છે?
(A) માત્ર દેશી ગીર ગાયના દૂધની જ બનાવટોનું વેચાણ
(B) ગામમાંથી એકઠા કરેલ દૂધની બનાવટનું વેચાણ
(C) અન્ય ડેરીમાં બનેલ ઉત્પાદન સામગ્રીનું વેચાણ
(D) તેમની બીજી કોઈ શાખા ન હોવી

(3) દૂધની બનાવટમાં ફેરફાર કરવા માટે કામધેનુ ડેરી શું ધ્યાને લે છે?
(A) દૂધ
(B) સફાઈ
(C) પ્રતિભાવ
(D) પૈસા

(4) કામધેનુ ડેરીનું મંતવ્ય શું છે ?

(A) દૂધની બનાવટથી જ નફો કરી શકાય છે

(B) ગ્રાહકો જ સર્વસ્વ છે.

(C) અમારા જેવી દૂધની બનાવટ બીજું કોઈ બનાવી શકે નહીં.

(D) (B) અને (C) બંને

C 3.1 - વિવિધ સાહિત્યસ્વરૂપોના વાંચન દરમિયાન ભાષાકીય બંધારણીય ઘટકો (વાક્યરચના, વિરામચિહ્નો, કાળ, લિંગ) અને ભાષારચનાના ઘટકો - parts of speech (નામ, સર્વનામ, ક્રિયાપદ, વિશેષણ, ક્રિયાવિશેષણ, વિસ્મયબોધક, નામયોગી અવ્યય, સંયોજકો) ના અર્થની સમજ કેળવે છે અને તેનો લખવામાં ઉપયોગ કરે છે.

**G83111 શીખી ગયેલા ભાષાના ઘટકોનો લેખનમાં ઉપયોગ કરી બતાવે છે.**

**અતિ ટૂંકજવાબી**

**પ્રશ્ન.** આપેલાં વાક્યોમાં રેખાંકિત શબ્દના સ્થાને યોગ્ય શબ્દ મૂકીને પ્રશ્ન બનાવો. (10)

ઉદાહરણ :

<u>બાળકોએ</u> મોબાઈલ જોવો જોઈએ નહીં

<u>કોણે</u> મોબાઈલ જોવો જોઈએ નહીં ?

1. <u>બધા ધર્મો</u> પ્રત્યે આધર ભાવ હોવો જોઈએ.
2. પ્રવીણ <u>સાતમા</u> ધોરણમાં ભણે છે.
3. પર્વતોના રાજા તરીકે <u>હિમાલયને</u> ઓળખવામાં આવે છે.
4. ગાંધીનગર શહેર <u>ગુજરાત</u> રાજ્યનું પાટનગર છે.
5. નીલમ <u>રાજકોટ</u> થી વડોદરા બસ દ્વારા જાય છે.
6. રિદ્ધિ <u>નર્મદા</u> નદીના પવિત્રા જળમાં સ્નાન કરે છે.
7. કીર્તિ <u>સાઇકલ</u> દ્વારા શાળાએ જાય છે.
8. ધવલ, ધારા અને ધર્મ <u>દર્શન માટે</u> અંબાજી જાય છે.
9. <u>દિપ્તીને</u> ગુજરાતી વિષય ખૂબ જ ગમે છે.
10. યાત્રી <u>સવારે</u> <u>રસોડામાં</u> ચા બનાવે છે.

| | |
|---|---|
| C 2.1 | **વિવિધ સંસ્કૃતિઓ અને જુદા જુદા કાલખંડમાં રચાયેલ સાહિત્યના વિવિધ સ્વરૂપો અને લેખનશૈલીઓ ઓળખાવે અને કદર કરે છે.** |
| G8218 | **સામગ્રીનું વિશ્લેષણ કરે છે.** |

**ટૂંક જવાબી પ્રશ્નો**

**પ્રશ્ન ફકરા પરથી પ્રશ્નોના જવાબ લખો.**

પ્રખર તડકામાં મારે નાનપણમાં એકવાર ઉઘાડે પગે દવા લાવવા જવું પડયું હતું. મ્યુનિસિપાલિટીના લાઇટના થાંભલાઓ અને ઘરની દીવાલો કંજૂસની પેઠે પોતાની છાયા પોતાના પગતળે દબાવીને જ ઊભાં હતાં, એટલે મારા પગને છાયાનો આશ્રય ક્યાંથી મળે? રસ્તા પરથી ગયેલાં પરોપકારી પશુઓએ છાણના પોદળા નાખ્યા હતા. એ આવે એટલે ક્ષણને માટે એના ઉપર જઈને ઊભો રહેતો. એની ઠંડક કેટલી મીઠી લાગતી! પગે બાઝીને એનાં જો સુકાયેલાં છાણાં થાત તો જરૂર એ પાદત્રાણ (ચંપલ)ની ગરજ સારત. એવે વખતે છાણ એ વસ્તુ ગંદી જેવી લાગતી નથી. સૂગ કે સૌંદર્ય આખરે વસ્તુગત નથી પણ ભાવનાગત છે. - કાકાસાહેબ કાલેલકર

**પ્રશ્નો :**

1. કાકાસાહેબ ભર બપોરે બજારમાં કેમ ગયા ? (1)
2. લેખકને બપોરે છાંયો કેમ મળતો નથી ? (1)
3. વિજળીના થાંભલા અને ઘરની દિવાલોને લેખક કેવાં કહે છે ? કેમ ? (2)
4. લેખક ચંપલ પહેરીને નીકળ્યા હતા કે ચંપલ વગર ? આ વાત શાના પરથી ખબર પડી ? (2)
5. કાકાસાહેબને પશુઓ પરોપકારી કેમ લાગે છે ? (2)
6. કાંકરા કે કાંટાવાળા રસ્તે પાદત્રાણ વગર ચાલવું જ પડે એમ હોય તો તમે શું કરશો ? કેમ ? (2)

**પ્રશ્ન ફકરા પરથી પ્રશ્નોના જવાબ લખો.**

વેરાવળની શાળામાં એકાદ રડીખડી છોકરી ભણતી હોય. પણ જ્યારે એક સાંજે મેં વિદ્યાવિહાર પ્રથમવાર જોયું ત્યારે મને એમ લાગ્યું કે ભૂલથી કોઈ કન્યાશાળામાં તો હું નથી આવી ચડયોને ! નવાબી ગામમાં ઊછરેલા છોકરાને એ ક્યાંથી ખબર હોય કે છોકરીઓ પણ છોકરા જેટલી જ હોશિયાર હોઈ શકે ? એ તો સમજ્યા કે છોકરીઓએ પણ ભણવું જોઈએ. પરંતુ જ્યારે વર્ગના પહેલા દિવસે અનસૂયા મોરારજી દેસાઈને મોનિટરનું કામ કરતાં જોયાં ત્યારે મેં બાજુના વિદ્યાર્થીને કહ્યું : "અહીં અમદાવાદમાં છોકરીઓ મોનિટર થાય છે ?" દિવસો સુધી મને એમ લાગેલું કે આ કરતાં મને કહેવામાં આવે તો હું મોનિટરનું કામ કરું. હું માત્ર દોઢેક વરસમાં શાળાનો મહામંત્રી થયો એનું પ્રેરક બળ આ પ્રથમ દિવસની સ્વમાનભંગની લાગણી તો નહીં હોય ? - વાડીલાલ ડગલી

**પ્રશ્નો :**

1. 'વિદ્યાવિહાર' શું છે ? (1)
2. વેરાવળ અને અમદાવાદની શાળા વચ્ચે શું તફાવત હતો ? (1)
3. વેરાવળ કયા પ્રકારનું ગામ હતું ? (1)

4. લેખકને એમ કેમ લાગ્યું કે પોતે કન્યાશાળામાં આવી ગયા છે ? (1)
5. વિદ્યાવિહારમાં પ્રવેશ લીધાના કેટલા સમયમાં વાડીલાલ તેના મહામંત્રી થયા ? (1)
6. છોકરીઓ અને છોકરાઓ હોશિયારીમાં સરખા હોય કે જુદા જુદા ? તમને એવું કેમ લાગે છે - ઉદાહરણ આપી સમજાવો. (2)
7. આ ફકરો વાર્તાનો હશે કે નિબંધનો ? તમને કઈ રીતે ખબર પડી ? (2)

**પ્રશ્ન ફકરા પરથી પ્રશ્નોના જવાબ લખો.**

તમે શહેરની વચ્ચેની કોઈ શાળામાં ભણ્યા હો તો વિદ્યાવિહારની આંબાવાડીનો મહિમા તમને સમજાય. હું વિદ્યાવિહારમાં દાખલ થયો ત્યારે આજુબાજુનાં વૃક્ષો જોઈને મારું મન કોળી ઊઠ્યું. શાળા પાસે આટલી બધી જમીન હોય અને એ જમીનમાં આવાં સરસ વૃક્ષો હોય એવી કલ્પના પણ હું વેરાવળમાં ન કરી શકું. મને સૌથી પહેલો વિચાર એ આવ્યો કે અહીંયાં તો બગીચામાં ફરતાં ફરતાં ભણવાનું છે. હજી પણ જ્યારે હું વિદ્યાવિહારનો વિચાર કરું છું ત્યારે મારા ચિત્ત સમક્ષ સૌથી પ્રથમ આંબાવાડી અને શાળાનું પ્રાર્થનામંદિર આવે છે.

- વાડીલાલ ડગલી

**પ્રશ્નો** :

1. ‘મન કોળી ઉઠવું’ એટલે (1)
   A. કંટાળો આવવો
   B. આનંદ થવો
   C. કકળાટ થવો
2. વિદ્યાવિહાર શાળાની કઈ બાબતો લેખકને ખૂબ ગમે છે ? (1)
3. વેરાવળની શાળામાં શું શું નહોતું ? (1)
4 “અહીંયાં તો બગીચામાં ફરતાં ફરતાં ભણવાનું છે" – લેખકને આવું કેમ લાગે છે ? (2)
5. આ ફકરો વાર્તા છે, નિબંધ કે સ્મરણ કથાનો ભાગ? તમને કઈ રીતે ખબર પડી ? (2)

**પ્રશ્ન ફકરા પરથી પ્રશ્નોના જવાબ લખો.**

કોઈ વિષય પર જાહેરમાં ચર્ચા કરી શકાય એનો અનુભવ પણ મને વિદ્યાવિહારમાં જ થયો. આપણે તો ચર્ચાસભામાં બેઠા અને ઝળક્યા. પહેલી જ ચર્ચા સભામાં બોલવા ઊભો થયો અને ‘ના’ને બદલે કાઠિયાવાડી 'નો' બોલ્યો ત્યારે હાસ્યનું મોજું ફરી વળ્યું. એય ઠીક, પણ જ્યારે એકવાર ત્રણેક છોકરીઓ જતી હતી ને એમાંથી એક બોલી : “અમે આવું નો કરીએ.” ત્યારે બધી છોકરીઓ હસી પડી અને હું ઘવાયો. એકવાર અનસૂયાબેને મને કહ્યું કે : “તમે એવું નોં કરતા" ત્યારે મેં તરત સંભળાવ્યું : “એકવાર જાહેરમાં બોલી જુઓ, પછી મને કહો” હું આઠેક મહિનામાં ચર્ચાસભાનો મંત્રી કેમ બન્યો એનું અચરજ હજી પણ મને થાય છે. મને એમ લાગે છે કે આનો યશ 'નો'ને જાય છે. - વાડીલાલ ડગલી

પ્રશ્નો :

1. ‘ત્યારે બધી છોકરીઓ હસી પડી અને હું ઘવાયો.’ (1)
   a. છોકરીઓના હસવાથી લેખકને વાગ્યું.
   b. છોકરીઓના હસવા સાથે લેખક પણ હસ્યા.
   c. છોકરીઓનું હસવું લેખકને પોતાનું અપમાન લાગ્યું.
2. લેખકને જાહેરમાં ચર્ચા કરવાની શરૂઆત કયા સ્થળે થઈ હતી ? (1)
3. ‘નો’ શબ્દના લીધે કેટલી વાર લેખકની રમૂજ અથવા ટીકા થઈ? (1)
4. વાડીલાલ ડગલી વિદ્યાર્થી હતા ત્યારે ડરપોક હતા કે આત્મવિશ્વાસવાળા ? શા પરથી એમ કહીં શકાય? (2)
5. તમે શાળાની ચર્ચાસભામાં વાર બોલવા ઊભા થયા છો અને તમારાથી એવી ભૂલ થઈ કે બધાં હસી પડયા. - આ ઘટના વિશે પાંચ વાચો લખો. (3)

**પ્રશ્ન ફકરા પરથી પ્રશ્નોના જવાબ લખો.**

પૂજાએ હળવેથી બારી ખોલી. પેલી છોકરીએ તેને બારીએ ઊભેલી જોઈને અંદર આવવા ઈશારો કર્યો. તેણે એક પગલું આગળ ભર્યું અને તે જાદુઈ દુનિયામાં પ્રવેશી ગઈ. પેલી છોકરી એને એક મોટા ઓરડામાં લઈ ગઈ. ત્યાં ધીમું સંગીત રેલાઈ રહ્યું હતું. થોડા લોકો તેના તાલ પર ધીમે ધીમે નૃત્ય કરી રહ્યા હતા. પૂજા પણ તેમાં જોડાઈ. પોતે હવામાં અધ્ધર નાચતી હોય એવું એને લાગતું હતું. એને બહુ મજા આવતી હતી. અચાનક પાછળથી કોઈએ એને ખેંચી.

**પ્રશ્નો** :

1. જાદુઈ દુનિયામાં શું થઈ રહ્યું હતું ? (1)
2. છેલ્લું વાકય વાંચીને તમને કઈ લાગણી થઈ ? (1)
3. હવે આગળ શું થશે ? (1)

**પ્રશ્ન ફકરા પરથી પ્રશ્નોના જવાબ લખો.**

અમારા ઘરે કુકર આવ્યું તે ઘટના ઐતિહાસિક હતી. કાકીએ તેમાં દાળ મૂકી અને જ્યારે તેની સિટી વાગી ત્યારે તો પાડોશની સ્ત્રીઓ જોવા આવી હતી. બધી મહિલાઓને સિટી સાંભળીને હસવું આવતું હતું. ચણા ચડવવા મૂકયા અને ચાર સિટીમાં થઈ ગયા તે વાતની દાદીને એટલી તો નવાઈ લાગેલી ! “બસ, એટલી વારમાં ?’ એમ પૂછતી વખતે તેમનો ચહેરો જોવા જેવો હતો. ગરમ તપેલાં હાથેથી પકડીને ઉતારી લેતી મારી મમ્મી કૂકરમાં વઘાર કરતાં ડરતી જોઈ અમને નવાઈ પણ લાગેલી અને હસવું પણ આવતું હતું.

પ્રશ્નો :

1. કૂકરમાં રસોઈ ઝડપથી રંધાય છે તેવું આ ફકરાની કઈ વિગત પરથી ખબર પડે છે ? (2)
2. લેખકનાં મમ્મીને વઘાર કરતી વખતે કેમ બીક લાગતી હશે ? (2)
3. કાકીને કુકર વાપરવાની ફાવટ છે કે નહીં ? શા પરથી એવું કહી શકાય ? (2)
4. આ ફકરો કોઈ વાર્તાનો ભાગ છે, નિબંધનો કે સ્મરણકથાનો ? તમને તે કઈ રીતે ખબર પડી ? (2)

**પ્રશ્ન ફકરા પરથી પ્રશ્નોના જવાબ લખો.**

ત્યારનાં ટીવી તો જાણે ખોખાં જ જોઈ લો! નાનકડી સ્ક્રીનની પાછળ એક બે ત્રણ ઓશિકાં આવી જાય એવડો ડબ્બો. શરૂઆતમાં તો બ્લેક એન્ડ વ્હાઇટ ટીવી આવતાં. આખા દિવસમાં ફક્ત બે કલાક ચાલે. મોટેભાગે તો સમાચાર આવે. દાદાને થતું કે આવડા નાના ડબ્બામાં આખેઆખા માણસ સમાઈ કેવી રીતે જાય? એમને તો એમ નવાઈ પણ લગતી કે આ એક માણસ બધાના ઘરમાં એકસાથે કઈ રીતે હોઈ શકે? ફિલ્મોમાં હીરો મરી જાય ત્યારે તો દાદી રીતસર રડવા બેસતાં. બીજી ફિલ્મમાં એ જ હીરો જોઈને એમને નવાઈ લાગતી.

પ્રશ્નો :

1. ત્યારના ટીવી અને આજના ટીવી વચ્ચેના તફાવતના ત્રણ મુદ્દા લખો. (3)
2. ભવિષ્યમાં કેવાં ટીવી હશે ? ત્રણ મુદ્દા લખો. (3)
3. આ ફકરો કોઈ વાર્તાનો ભાગ છે, નિબંધનો કે સ્મરણકથાનો ? તમને તે કઈ રીતે ખબર પડી ? (3)

**પ્રશ્ન ફકરા પરથી પ્રશ્નોના જવાબ લખો.**

લગભગ 300 મિલિયન વર્ષ પહેલાં પૃથ્વી પર નીચાણવાળા ભેજયુક્ત વિસ્તારોમાં ગીચ જંગલો હતા. પૂર જેવી કુદરતી આફતોને કારણે આ જંગલો જમીનની નીચે દટાઈ ગયા. તેમની ઉપર માટી જમા થઈ જવાથી તેઓ દબાણમાં આવ્યા. તેઓ ઊંડે ને ઊંડે જવાને લીધે તેના તાપમાનમાં પણ વધારો થતો ગયો. ઊંચા દબાણ અને તાપમાનને લીધે મૃત વનસ્પતિઓ ધીરે-ધીરે કોલસામાં ફેરવાતી ગઇ. કોલસામાં મુખ્યત્વે કાર્બન હોવાથી, મૃત વનસ્પતિનાં કોલસામાં ધીમા રૂપાંતરણની પ્રક્રિયાને કાર્બોનાઇઝેશન કહે છે. વનસ્પતિના અવશેષોમાંથી બન્યો હોવાને લીધે એ કોલસાને અશ્મિ બળતણ પણ કહે છે.

**પ્રશ્નો** :

1. જંગલો કયા કારણોસર દટાયાં ? (1)
2. વિધાન ખરું છે કે ખોટું ? (2)
   A. જમીનમાં જેમ ઊંડે જઈએ તેમ તાપમાન ઘટે છે.
   B. જ્યાં અત્યારે કોલસાની ખાણો મળે ત્યાં ભૂતકાળમાં જંગલો હતાં.
3. વનસ્પતિઓમાંથી કોલસો કઈ રીતે બન્યો? (1)
4. શબ્દ સમૂહ માટે એક શબ્દ લખો: (2)
   A. મૃત વનસ્પતિની કોલસામાં રૂપાંતરણ પ્રક્રિયા :
   B. મૃત વનસ્પતિ પર ભારે દબાણ અને તાપમાન આવતાં બનતો પદાર્થ :

**પ્રશ્ન ફકરા પરથી પ્રશ્નોના જવાબ લખો.**

ખેતરમાં કેટલાંક અન્ય અનૈચ્છિક - બિનજરૂરી છોડ કુદરતી રીતે પાકની સાથે ઊગી નીકળે છે. આવા છોડને નીંદણ કહે છે. નીંદણને દૂર કરવાની ક્રિયાને નીંદામણ કહે છે. નીંદામણ આવશ્યક છે કારણ કે, નીંદણ પાણી, પોષકદ્રવ્યો, જગ્યા તેમજ પ્રકાશ માટે મુખ્ય પાક સાથે સ્પર્ધા કરી તેની વૃદ્ધિ પર અસર કરે છે. કેટલાક નીંદણ લણણીમાં પણ વિક્ષેપ ઊભો કરે છે તથા મનુષ્ય અને પ્રાણીઓ માટે ઝેરી હોઈ શકે છે. પાક ઉગાડતા પહેલા ખેતરમાં ખેડ દ્વારા નીંદણ જડમૂળથી દૂર કરવામાં અને નાશ કરવામાં સહાયતા મળે છે. એનાથી નીંદણ સુકાઈ જાય છે અને માટીમાં ભળી જાય છે. નીંદણમાં પૂષ્પ ઉદભવે કે બીજ બને તે પહેલાં જ નીંદણને દૂર કરવું એ યોગ્ય છે.

**પ્રશ્નો** :

1. વિરુદ્ધાર્થી શબ્દ ફકરામાંથી શોધીને લખોઃ (2)
   A. ઐચ્છિક
   B. કૃત્રિમ
2. શબ્દ સમૂહ માટે એક શબ્દ લખો: (2)
   A. પોષણ આપનાર દ્રવ્ય
   B. હળ વડે ખેતરની જમીનને ઉપરનીચે કરવાની ક્રિયા :
3. નિંદણના બે ગેરફાયદા લખો. (2)
4. નીંદણ પાક સાથે સ્પર્ધા કરે છે.' એટલે કે (1)
   A. નીંદણ પાકની વૃદ્ધિ થવામાં મદદ કરે છે.
   B. પાકની વૃદ્ધિ માટે જરૂરી વસ્તુઓમાં નીંદણ ભાગ પડાવે છે.
   C. નીંદણ અને પાક ખેડૂતને ઉપયોગી છે.

**પ્રશ્ન ફકરા પરથી પ્રશ્નોના જવાબ લખો.**

કેટલાક દેશી રજવાડાઓએ શિક્ષણક્ષેત્રે નમૂનારૂપ કહી શકાય તેવું કાર્ય કર્યું. વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડે પોતાના રાજ્ય વડોદરામાં ઈ.સ. 1901માં મફત, ફરજિયાત અને સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણની જોગવાઈ કરી. એટલું જ નહિ બે વિદ્યાર્થીઓને વિદેશની યુનિવર્સિટીમાં ભણવા જવા માટે શિષ્યવૃત્તિની શરૂઆત કરી. તેમનાં પત્ની ચિમનાબાઈ ગાયકવાડે દલિત વિદ્યાર્થીને વિદેશની યુનિવર્સિટીમાં ભણવા જવા માટે શિષ્યવૃત્તિ આપતો કાયદો કર્યો. તે જ રીતે ગોંડલના મહારાજા ભગવતસિંહજીએ 19મી સદીના છેલ્લા દાયકામાં ગોંડલમાં કન્યાવિદ્યાલયોની સ્થાપના કરી. કન્યાઓ માટે મફત, ફરજિયાત અને સાર્વત્રિક શિક્ષણની જોગવાઈ કરી.

**પ્રશ્નો :**

1. ફકરા પરથી કોઠામાં વિગતો ભરો. (2)

| વ્યક્તિનું નામ | તેમના રજવાડાનું નામ | તેમણે કરેલાં કાર્યો |
|---|---|---|
| | | |
| | | |
| | | |

2. વિરુદ્ધાર્થી શબ્દો લખો. (2)

- દેશ
- અંત
- મરજિયાત
- પહેલા

3. શબ્દ સમૂહ માટે એક શબ્દ લખો:

- વિદ્યાર્થીઓને ભણવા માટે આપવામાં આવતી નાણાકીય સહાય:
- રાજા કે સરકારે બનાવેલો નિયમ:

| | |
|---|---|
| C 2.1 | **વિવિધ સંસ્કૃતિઓ અને જુદા જુદા કાલખંડમાં રચાયેલ સાહિત્યના વિવિધ સ્વરૂપો અને લેખનશૈલીઓ ઓળખાવે અને કદર કરે છે.** |
| G8211 | **પદ્ય અને ગદ્ય સામગ્રીમાંથી વિગતો અલગ તારવી શકે છે.** |

## ટૂંકજવાબી પ્રશ્નો

**પ્રશ્ન.** કવિતાને વાંચી નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો **(4)**

એવું રે તપી ધરતી, એવું રે તપી,
જેવાં તપ રે તપ્યાં'તાં એક દિન પારવતી સતી
અંગ રે સુકાય, એનાં રંગ રે સુકાય,
કાયાનાં અમરત એનાં ઊડી ચાલ્યાં જાય,
તોયે ન આવ્યો હજુયે મેહુલો જતિ.... એવું રે...
વન રે વિમાસે એનાં જન રે વિમાસે,
પંખીડાં જોતાં એનાં પશુઓ આકાશે;
જટાળો એ જોગી ક્યાં યે કળાતો નથી... એવું રે...
કહોને તમે સૌ તારા ! દૂરે છો દેખનારા,
કહોને ડુંગરનાં શિખરો ! આકાશે પહોંચનારાં;
આંખોની વીજ એની ઝબૂકી કહીં ?.... એવું રે...
કહોને સાગરનાં પાણી, તમને છે સંભળાણી,
ઘેરી ગંભીર એની આવતી ક્યાં યે વાણી ?
એની રે કમાન દીઠી તણાઈ કહીં ?... એવું રે....
આવોને મેહુલિયા ! આવો, ધરતીનાં તપ છોડાવો,
રૂપે ને રંગે નવાં તપસીને એ સુહાવો;
અમરતથી હૈયું એનું દિયોને ભરી !.... એવું રે....

(પ્રહલાદ પારેખ)

**પ્રશ્નો** :

1. તપ કરવાથી પાર્વતીજીની સ્થિતિ કેવી થઈ હતી ?
2. આ કાવ્યમાં જટાળો જોગી કોને કહે છે ?
3. ધરતી ના તપ ને કોની સાથે સરખાવી છે ?
4. મેહુલાના આવવાથી ધરતી પર શું અસર થશે ?

**પ્રશ્ન.** કવિતાને વાંચી નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો

ગમતું મળે તો અલ્યા, ગૂંજે ન ભરીયે
ને ગમતાંનો કરીએ ગુલાલ.
આડા દે આંક એ તો ઓશિયાળી આંગળી,
પંડમાં સમાય એવી પ્રીતિ તો પાંગળી,
સમદરની લ્હેર લાખ સૂણી ક્યાંય સાંકળી?
ખાડા ખાબોચિયાને બાંધી બેસાય, આ તો વરસે ગગનભરી વ્હાલ.
ગમતાંનો કરીએ ગુલાલ.
ગાંઠે ગરથ બાંધી ખાટી શું જિંદગી ?
સરીસરી જાય એને સાચવશે કયાં લગી ?
આવે તે આપ કરી પળમાં પસંદગી,
મુઠ્ઠીમાં રાખતાં તો માટીની પાંદડી ને વેર્યે ફોરમનો ફાલ.
ગમતાંનો કરીએ ગુલાલ.
આવે મળ્યું તે દઈશ આંસુડે ધોઈને,
ઝાઝેરું જાળવ્યું તે વ્હાલેરું ખોઈને,
આજ પ્રાણ જાગે તો પૂછવું શું કોઈને?
માધવ વેચતી વ્રજનારી સંગ તારાં રણકી ઊઠે કરતાલ !
ગમતાંનો કરીએ ગુલાલ.
ગમતું મળે તો અલ્યા, ગૂંજે ન ભરીયે
ને ગમતાંનો કરીએ ગુલાલ.

(મકરંદ દવે)

**પ્રશ્નો :**

1. અહીં "ગુલાલ" શબ્દ ક્યા અર્થમાં વપરાયો છે ? (1)
2. ગાંઠે ગરથ બાંધી ખાટી શું જિંદગી?? જીવનનો ભાવ સમજાવો. (2)
3. આ કાવ્ય વાંચ્યા પછી તમારા મનમાં આવેલા નવા વિચારો દર્શાવો. (2)
4. કવિએ કેવા પ્રકારના પ્રેમને પાંગળો ગણાવ્યો છે. (1)
5. ગાંઠે ગરથ બાંધે ખાટી શું જિંદગી? રેખાંકિત શબ્દનો અર્થ શો છે ? (1)

| | | | |
|---|---|---|---|
| A. | ફાયદો મેળવવી | B. | ખોટ ખાધી |
| C. | ખાટી થઈ ગઈ | D. | બગડી ગઈ |

| | |
|---|---|
| C1.2 | વિવિધ પ્રકારના ઈન્ટરવ્યૂનું શ્રવણ કરે, આયોજન કરે અને સંચાલન કરે છે. |
| G8128 | ભાવાત્મક અભિવ્યક્તિ કરવા માટે સમુચિત શબ્દો અને વાક્યરચના પ્રયોજે છે. |

**અતિ ટૂંકજવાબી**

**પ્રશ્ન. આપેલા ફકરામાંથી નીચે આપેલી વિગતો તારવો.** (6)

(1)

અમારું કુટુંબ એક ફિલ્મ જોવા જવાનું હતું. મારી બહેન પરીએ ફિલ્મના બહુ વખાણ કર્યા છે. મને તો ફિલ્મ જોવામાં બહુ રસ નહીં. મેં ના પાડી તો પપ્પાએ હુકમ કરતાં કહ્યું, શું કામ ના પાડે છે તારે આવવાનું જ છે રુદ્રા! " નાછૂટકે હું સૌની સાથે ગઈ. ફિલ્મ જોયા પછી પરીએ મને પૂછ્યું," કેવી લાગી ફિલ્મ રુદ્રા ?"" એકંદરે સારી! જોકે, મને અંત ન ગમ્યો " પરીએ કહ્યું, " પણ તું બધાં સાથે મુવી જોવા આવી એ મને ગમ્યું!" મેં હસીને કહ્યું," મારી સમજ હવે બદલાઈ છે, મારે પણ સૌની સાથે આનંદથી જોડાવું જોઈએ..

1. મંતવ્ય દર્શાવતું વાક્ય -
2. અભિપ્રાય દર્શાવતું વાક્ય -
3. આજ્ઞાર્થ વાક્ય -

(2)

હિમાલય એશિયામાં સ્થિત એક પર્વતમાળા છે. તે ભારત ઉપમહાદ્વીપને તિબેટ ઉચ્ચપ્રદેશથી અલગ પાડે છે. હિમાલયમાં કારાકોરમ અને હિંદુ કુશ જેવા પર્વતો પણ ગણાય છે. હિમાલયનું નામ સંસ્કૃતના શબ્દ હિમ (એટલે કે બરફ) અને આલય (એટલે કે રહેઠાણ) થી આવ્યુ છે. આ પર્વત અફઘાનિસ્તાનથી બ્રહ્મદેશ સુધી લગભગ ૧૬૦૦ માઈલ લાંબો અને ૨૦૦ માઈલ પહોળો છે. તેની સરાસરી ઊંચાઈ ૧૮૦૦૦ થી ૨૦૦૦૦ ફૂટ છે. તેમાંનાં ૭૦ શિખરો તો ૨૪ હજાર ફૂટ કરતાં પણ વધારે ઊંચા છે. તેનું સૌથી ઊંચામાં ઊંચું શિખર ગૌરીશંકર ૨૯,૦૦૦ ફૂટ એટલે લગભગ ત્રણેક ગાઉ જેટલું ઊંચું છે. તેના ઉપર ચડવાને તેનસિંગ શેરપાએ પ્રયત્ન કર્યો ત્યાંસુધી તે અજેય હતું. આખી દુનિયામાં આટલું ઊંચું બીજું કોઈ સ્થળ નથી; અને તેથી જ હિમાલયને ગિરિરાજ એટલે પર્વતોને રાજા કહ્યો છે. પર્વતનાં બધાં ઊંચાં શિખરો નિરંતર બરફથી ઢંકાયેલાં રહે છે, કેમકે તે બધાં હિમરેખાથી ઊંચાં છે. હિમરેખા ૧૫૦૦૦ ફૂટની ઊંચાઈએ આવે છે. કશ્મીર, નેપાળ, સિક્કિમ, દાર્જિલિંગ, ભૂતાન અને બીજાં ઘણાં રાજ્યો હિમાલયની તળેટીમાં રહેલાં છે. વિવિધ ભાષા અને આકૃતિનાં માણસો ત્યાં રહે છે. તિબેટ પણ હિમાલયની તળેટીમાં છે. ઉત્તર દિશા તરફ જનારી પર્વત શ્રેણી મનુષ્યોથી અગમ્ય છે. હિમાલયમાં પૃથ્વીના સૌથી ઊંચા પર્વત છે. તેમાંથી એક માઉંટ એવરેસ્ટ પણ છે જે દુનિયાનો સૌથી ઊંચો પર્વત છે.

1. નીચેનામાંથી શું ખોટું છે?
   - A. હિમાલયને પ્રથમ સાર કરનાર શેરપા તેનસિંગ છે.
   - B. ગૌરીશંકરની ઊંચાઈ ત્રણ ગાઉં છે
   - C. દુનિયામાં સૌથી ઊંચા શિખર પછી બીજો નંબર હિમાલયનો છે.
   - D. તિબેટને ઉપમહાદ્વીપ અલગ પાડે છે.
2. હિમરેખા અને ગૌરીશંકરની ઊંચાઈમાં કેટલો તફાવત છે?
   - A. ગૌરીશંકર હિમરેખા કરતાં 14000 ફૂટ વધુ ધરાવે છે.
   - B. હિમશેખા ગૌરીશંકર કરતાં 14000 ફૂટ વધુ છે
   - C. હિમશેખા 15000 ફૂટ વધુ ઊંચાઈ ધરાવે છે.
   - D. ગૌરીશંકર અને હિમેશેખા બંને સરખા છે.
3. હિમાલયને ગિરિરાજ કહ્યો છે કારણ કે ....
   - A. તેમાં સૌથી વધુ બરફ છે.
   - B. તે બધા પર્વતોનો બનેલો છે માટે
   - C. તે સૌથી મોટો અને ઊંચો છે માટે
   - D. તેની આજુબાજુ નાના નાના બીજા પર્વતો આવેલા છે માટે
4. હિમાલય અજેય હતો એટલે ?
   - A. તેનાથી ઊંચો પર્વત બીજો કોઈ હતો નહીં.
   - B. કોઈ એની ઉપર પહોંચી શક્યું ન હતું.
   - C. હિમાલય જંગલોમાં આવેલો હતો.
   - D. બરફથી આચ્છાદિત હતો.

**પ્રશ્ન. આપેલા ફકરાને આધારે આપેલા વાકયોને ઘટનાને આધારે ક્રમમાં ગોઠવો.** (7)

નરસિંહભાઈની ઉંમર 21 વર્ષની થઈ એટલે એમને એમના ગામમાં ચૂંટણી લડવાની ઈચ્છા થઈ ચૂંટણી લડવા માટે તેમણે સૌપ્રથમ ગામ લોકોને પૂછ્યું ગામ લોકોની સંમતિ મળતા તેઓએ મામલતદાર કચેરીએથી સરપંચ તરીકેની ઉમેદવારી ફોર્મ લાવ્યા, ફોર્મ લાવ્યા પછી ફોર્મ ભર્યું અને ત્યારબાદ એમના સમર્થકો સાથે મામલતદાર કચેરીમાં ફોર્મ જમા કરાવ્યું. ફોર્મ જમા કરાવ્યાના બીજા દિવસથી જ એમણે ગામમાં પ્રચાર શરૂ કર્યો ઘરે ઘરે ફરી ફરીને નરસીભાઇએ પોતાને મત આપવા માટે મતદારોને વિનંતી કરી ચૂંટણીનો ખરેખર દિવસ આવ્યો એ દિવસે મતદારોએ મતદાન કર્યું ત્યારબાદ મતદાનના બીજા દિવસે ચૂંટણીનું પરિણામ આવ્યું નરસિંહભાઈ સૌથી વધુ મત મેળવીને વિજેતા જાહેર થયા અને આખરે તેઓ સરપંચ બન્યા.

**આપેલા વાકયોને ઘટના ક્રમમાં ગોઠવો.**


1. નરસિંહભાઈ સમર્થકો સાથે મામલતદાર કચેરીએ ગયા.
2. નરસિંહભાઈને ચૂંટણી લડવાની ઈચ્છા થઈ.
3. ગામલોકોએ નરસિંહભાઈને ચૂંટણી લડવાની સંમતિ આપી.
4. નરસિંહભાઈની ઉંમર 21 વર્ષની થઈ.

5. નરસિંહભાઈએ પ્રચાર શરૂ કર્યો.
6. ચુંટણીમાં નરસિંહભાઈને સૌથી મત મળ્યા.
7. ચૂંટણી લડવા નરસિંહભાઈએ ગામલોકોને પૂછ્યું.

# નિબંધ પ્રકારના પ્રશ્નો

G8118 તારવેલી વિગતોને આધારે ટૂંકા પરિચ્છેદમાં લેખિત સ્વરૂપે રજૂ કરે છે.

**પ્રશ્ન.** વિગતો પરથી ફકરો બનાવી લખો. ફકરાની શરૂઆત આપી દીધેલ છે. (5)




આ આકૃતિમાં આપત્તિના પ્રકારની વાત રજૂ થઇ છે. આપત્તિ બે પ્રકારની....

| | |
|---|---|
| G8126 | **ઇચ્છિત માહિતી/જાણકારી મેળવવા / સમજ કેળવવા માટે પેટા પ્રશ્નો પૂછે છે. મળેલા જવાબની વિગતો વિશે વધારે જાણકારી મેળવવા પ્રતિપ્રશ્નો પૂછે છે.** |

**પ્રશ્ન.** માગ્યા મુજબ જવાબ લખો. આપેલ વિગતો માટે પાંચ પ્રશ્નો બનાવો. (પ્રશ્નદીઠ એક ગુણ)

1. તમારા વર્ગમાં નવો વિદ્યાર્થી આવ્યો છે. તમે તેના પરિવાર, અગાઉની શાળા, જૂના મિત્રો અને અગાઉના ગામ વિશે જાણવા માંગો છે. તે માટે પાંચ પ્રશ્નો પૂછો.
2. તમારી શાળામાં સ્માર્ટ ક્લાસ આવ્યા છે. તે વાપરવાની તેમજ તેની સંભાળ રાખવાનીજાણકારી મેળવવા તેના ફીટીંગ કરવા આવેલા ટેક્નિશિયનને પાંચ પ્રશ્નો પૂછો.
3. તમે બજારમાં નવું શર્ટ ખરીદવા ગયાં છો. તે એક શર્ટની માહિતી મેળવવા વેપારીને પાંચ પ્રશ્નો પૂછો.
4. 'ગઢની રઢ છોડો' પાઠના દરબાર રાણા પોતાના વિસ્તારની સુરક્ષા માટે કઈ કઈ વ્યવસ્થા રાખતા હતા તે તમારે જાણવું છે. તે માહિતી મેળવવા પાંચ પ્રશ્નો પૂછો.

**G81210 એકત્ર કરેલી વિગતો અને આયોજનના મુદ્દાઓને આધારે ઈન્ટરવ્યૂ લે છે.**

**પ્રશ્ન. પ્રશ્નોના જવાબ લખો.** (પ્રશ્નદીઠ ૫ ગુણ)

1. ભારતીય ક્રિકેટ ટીમના ખેલાડી સુરેશભાઈ તમારી શાળાની મુલાકાતે આવ્યા છે. ખેલાડી બનવા તેમને કરેલી તૈયારી, કોચનું માર્ગદર્શન, રમતના અનુભવ વિશે તમારે જાણવું છે. તેમનો ઇન્ટરવ્યૂ લેતાં પહેલાં તમે કઈ કઈ બાબતોની તપાસ કરશો ? કેવી રીતે ?
2. તમારા ગામનાં સુરેખાબેન સૈનિક બન્યા છે. તેમણે સૈનિક બનવા શું તૈયારી કરી , તેમને કઈ કઈ તકલીફો નડી, તેમને કોણે સહકાર આપ્યો અને મદદ કરી ? તમારે આ બધુ જાણવું છે. તેમનો ઇન્ટરવ્યૂ લેતાં પહેલાં તમે કઈ કઈ બાબતોની તપાસ કરશો ? કેવી રીતે ?
3. તમારા મિત્રનાં મમ્મી પોલીસ ઇન્સ્પેકટર બન્યાં છે. તમારે એમની પાસેથી એમની કામગીરી વિશે જાણવું છે. તમે કઈ તપાસ કરશો? કેવા પ્રશ્નો પૂછશો?
4. તમારા મિત્રનો મોટોભાઈ સારો ડાન્સર છે. એ નૃત્યકળા કેવી રીતે શીખ્યો, કેવી મહેનત કરી, કોની મદદ લીધી, એમને શું વળતર મળે છે વગેરે અંગે જાણવા માટે તમારે શું તૈયારી કરવી પડે? કેવા પ્રશ્નો પૂછવા પડે?

**G8234 પાઠયસામગ્રીના નમૂનાઓ અને પોતાના અનુભવોની સરખામણી રજૂ કરે છે.**

**પ્રશ્ન. પ્રશ્નના જવાબ લખો.** (5)

1. તમે પહેલીવાર કઈ વસ્તુની ખરીદી કરી હતી ? તે ખરીદતાં પહેલાં અને પછી તમને શા વિચાર આવેલા - કઈ કઈ લાગણી થઈ હતી ?

**G8231 સામાજિક અને સાંસ્કૃતિક ઘટનાના ઉદાહરણ આપે છે.**

**પ્રશ્ન.** અષાઢ માસમાં આવતા તહેવારોની યાદી કરો અને ટૂંકમાં વર્ણન કરો.(5)

| | |
|---|---|
| G8143 | લેખન કરવાના પ્રસંગોમાં પોતાની ભાષાકીય સજ્જતાનો ઉપયોગ કરે છે. |

**પ્રશ્ન 1.** આપેલા વિષય પર નિબંધ લખો. **(8)**

એકતા જ તાકાત છે.

**પ્રશ્ન 2.** આપેલા વિષય પર અહેવાલ લખો. **(8)**

1. રામપુર ગામમાં સૌ ગ્રામજનો દ્વારા માટે શેરી નાટક ભજવ્યું અને ત્યારબાદ સમૂહસફાઈની ઉજવણી કરી તેનો અહેવાલ તૈયાર કરો.
2. શાળાના એક દિવસમાં તમે સાથે મળીને કામ કર્યા હોય એવા કામોનો એક દિવસનો અહેવાલ લખો.

| | |
|---|---|
| **G8413** | પાત્રો, ઘટનાઓ અને વિચારો વિશે પોતાના ગમા-અણગમા અભિપ્રાયો રજૂ કરે છે. |

**પ્રશ્ન આપેલા પાત્રોનો પરિચય આપો.** **(4)**

વજેસંગ રાણા

**G8143 લેખન કરવાના પ્રસંગોમાં પોતાની ભાષાકીય સજ્જતાનો ઉપયોગ કરે છે.**

**પ્રશ્ન આપેલા વિષય પર અરજી લેખન કરો.** **(8)**

1. તમારી શાળામાં પ્રાર્થના સંમેલનમા કવિને બોલાવવા માટેની અરજી શાળાના આચાર્યને લખો.
2. તમારી શાળામાંથી પ્રવાસનું આયોજન કરવાનું હોય શાળાના પ્રવાસમંત્રીને અરજી લખો.

G8152 કહેવત અને રૂઢિપ્રયોગોનો ઉપયોગ કરી અર્થપૂર્ણ વાક્ય સંવાદ પરિચિત વાર્તા અને કાવ્યની રચના કરે છે.

**પ્રશ્ન. આપેલા શબ્દોનો ઉપયોગ કરીને વાર્તા બનાવો.** (૪)

(ગામલોકો, મિટિંગ, લાઈબ્રેરી, ફંડ, જગ્યા, સંચાલક, પુસ્તકો, ખરીદી, સેવા, સહકાર, જવાબદારી, એકજૂટ, પરિણામ)

G8152 કહેવત અને રૂઢિપ્રયોગોનો ઉપયોગ કરી અર્થપૂર્ણ વાક્ય સંવાદ પરિચિત વાર્તા અને કાવ્યની રચના કરે છે.

**પ્રશ્ન આપેલા શબ્દોનો ઉપયોગ કરીને એક જોડકણું બનાવો.** (4)

(ફર્યો, ભર્યો, લૂટયો, સાંભર્યા, કર્યા, ખર્યા, ગરજ્યા, વરસ્યાં)

G8214 વિગતોને હેતુ અનુસાર પ્રયોજે છે.

**પ્રશ્ન. પ્રશ્નોના જવાબ આપો.** (8)

1. સવારે વહેલા જાગવાના શું ફાયદા હોય છે ?
2. અતિથિ ને આવકારો શા માટે આપવો જોઈએ ?
3. તમારા આંગણા માં આવેલી વનસ્પતિની તમે કેવી રીતે માવજત કરો છો ?
4. સવારના અને સાંજના વાતાવરણમાં તમે કેમ ફેરફારો જુવો છો ?

| G2.3.5 | **સામાજિક અને સાંસ્કૃતિક ઘટનાઓના -પ્રસંગોના પાસઓ વિશે કારણો સહિત સંમતિ-અસંમતિ અને સૂચનો રજૂ કરે છે.** |
|---|---|

**પ્રશ્ન.** તમારું શું માનવું છે ? તમારા મંતવ્ય માટે ઓછામાં ઓછા બે કારણો આપો. (પ્રશ્નદીઠ પ ગુણ)

1. લગ્ન પ્રસંગે મોટેથી ડીજે વગાડાય છે. તેનો અવાજ તમને યોગ્ય લાગે છે કે અયોગ્ય ? કેમ ?
2. સામાજિક પ્રસંગોએ પાણી પીવા માટે પ્લાસ્ટિકના કે થરમૉકૉલના પ્યાલા/ગ્લાસ વપરાય છે. તમને તે યોગ્ય લાગે છે કે અયોગ્ય? કેમ?
3. એક પિતા દીકરા/દીકરીની વાત / રજૂઆત સાંભળ્યા વગર તેને સજા કરે છે. પિતાની આ રીત તમને યોગ્ય લાગે છે કે અયોગ્ય? કેમ?
4. એક વિદ્યાર્થી તમારી નવી પેન ચોરી લે છે. તમે શું કરશો ? શા માટે તમે એવું કરવાનું વિચારો છો?